# Telephone Conversation between PM and Prime Minister of Japan

April 10, 2020

## વડાપ્રધાન અને જાપાનનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

એપ્રિલ 10, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જાપાનનાં વડાપ્રધાન મહામહિમ શિન્ઝો આબે સાથે ટેલીફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીમાંથી ઉદ્ભવી રહેલા વૈશ્વિક આરોગ્ય અને આર્થિક પડકારોની ચર્ચા કરી હતી. તેઓએ આઆ કટોકટીમાંથી બહાર આવવા તેઓનાં સંબંધિત દેશોમાં લેવામાં આવેલા પગલાઓ અંગે પણ ચર્ચા કરી હતી.

બન્ને નેતાઓએ વર્તમાન કટોકટી દરમિયાન તેઓનાં સંબંધિત ક્ષેત્રોમાં રહેલા એકબીજાનાં નાગરિકોને સહકાર અને સુવિદાઓ પ્રદાન કરવા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી અને આવા સહકારને ચાલું રાખવા સંમત થયા હતા.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે આ મહામારીમાંથી ઉદ્ભવી રહેલા પડકારોનાં નિરાકરણો શોધવામાં વિશ્વને મદદ કરવા માટે ભારત-જાપાન ભાગીદારી મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 10, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.